PDF-XChange Editor
Click to BUY NOW!
tracker-software.com

ફોન :
પાટણ : ૨૩૦૦૬૮ ૨૨૦૨૨૮
ડીસા : ૨૨૧૩૪૭
ઉંઝા : ૨૩૫૪૧૯
હારીજ : ૨૨૨૪૦૪

# ડી. પી. ઠક્કર એન્ડ કું.
# ડી. પી. ઠક્કર એન્ડ બ્રધર્સ

ટેક્ષ કન્સલટન્ટસ
'શ્રી કુંજ', સ્ટેશન રોડ, પાટણ.

તા. ૨૮-૦૮-૨૦૧૩

ભાઇશ્રી,

ચાલુ નાંણાકીય વર્ષ સને ૨૦૧૩-૧૪ નો **ઈન્કમટેક્ષ એડવાન્સટેક્ષ નો પ્રથમ હપ્તો તા. ૧૫-૦૯-૨૦૧૩ સુધીમાં ભરવાનો છે.** જે અંગેની ઉપયોગી માહિતી નીચે મુજબ છે.

(૧) ૬૦ વર્ષ થઈ ગયા હોય તેવા રેસીડન્ટ સ્ત્રી કે પુરૂષ ને ધંધાની કોઇ આવક ન હોય અને ફક્ત વ્યાજની, ભાડાંની કે કેપીટલ ગેઇન ની જ આવક હોયતો એડવાન્સ ટેક્ષ ભરવાની જરૂર નથી.

(૨) ઉપર સિવાયના વ્યક્તિ, H.U.F, ભાગીદારી પેઢી, કંપની વિગેરેને T.D.S બાદ કર્યા પછી જો રૂા. ૧૦,૦૦૦/- થી વધુ ઇન્કમટેક્ષ ભરવાનો થતો હોય તો એડવાન્સ ટેક્ષ ભરવો પડે.

(૩) એડવાન્સ ટેક્ષ ત્રણ હપ્તામાં નીચે મુજબ ભરવાનો હોય છે.

| | | |
|---|---|---|
| (૧) | ૧૫/૦૯/૨૦૧૩ સુધીમાં | કુલ ટેક્ષનાં ૩૦% |
| (૨) | ૧૫/૧૨/૨૦૧૩ સુધીમાં | કુલ ટેક્ષનાં ૬૦% |
| (૩) | ૧૫/૦૩/૨૦૧૪ સુધીમાં | કુલ ટેક્ષનાં ૧૦૦% |

(૪) ભાગીદારી પેઢીને ધંધાના બધા ખર્ચા તથા ભાગીદારોની **મૂડીનું વ્યાજ** તથા વર્કીંગ પાર્ટનરનો પગાર બાદ કર્યા પછી જે નેટ નફો વધે તેના ઉપર ૩૦.૯૦% **લેખે ઇ.ટેક્ષ** લાગે.

**વર્કીંગ પાર્ટનરો નો પગાર નીચે મુજબ બાદ મળે છે.**

(૧) બુક પ્રોફીટ રૂા. ૧,૫૦,૦૦૦/
થી વધુ ન હોય તો ............................ ૧૦૦% રકમ

(૨) બુક પ્રોફીટ રૂા. ૧,૫૦,૦૦૦/
થી વધુ અને ૩ લાખ સુધી હોય તો ............ ૯૦% રકમ

(૩) રૂા. ૩ લાખથી ઉપરનાં
બુક પ્રોફીટ માંથી ................................ ૬૦% રકમ

(૫) **અંગત તથા H.U.F ને આવકમાંથી મુખ્યત્વે નીચેની રકમ બાદ મળે છે.**

(૧) LIC, PPF, NSC, પાંચ વર્ષની શીડ્યુલ બેંકની બાદ મળવાપાત્ર F.D., હાઉસીંગ લોન હપ્તો, બે બાળકની ટ્યુશન ફી (ફક્ત અંગતને) વિગેરે રૂા. ૧લાખ સુધી

(૨) મેડીકલ ઇન્સ્યુરન્સ પ્રીમીયમ રૂા. ૧૫૦૦૦ સુધી (સીનીયર સીટીઝન ને રૂા.૨૦,૦૦૦ સુધી)

(૩) 80 G ધરાવતી ચેરીટેબલ સંસ્થા ને આપેલ ડોનેશનના ૫૦% રકમ (કુલ આવકના ૧૦% સુધી) પરંતુ રૂા. ૧૦,૦૦૦/- ઉપરનું ડોનેશન રોકડેથી આપેલ હશે તો બાદ નહી મળે.

(૪) હાઉસીંગ લોનનું વ્યાજ રૂા. ૧,૫૦,૦૦૦/- સુધી

(૬) **અંગત / H.U.F માટે ટેક્ષના દર નીચે મુજબ છે.**

| | | |
|---|---|---|
| ૧) | ૬૦ વર્ષ સુધીના સ્ત્રી-પુરૂષને........................ | રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી માફ |
| ૨) | H.U.F ને.......................................... | રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી માફ |
| ૩) | ૬૦ વર્ષથી ઉપરના સ્ત્રી-પુરૂષને...................... | રૂા. ૨,૫૦,૦૦૦/- સુધી માફ |
| ૪) | ૮૦ વર્ષથી ઉપરના સ્ત્રી-પુરૂષને...................... | રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી માફ |
| ૫) | ૨ લાખથી ૫ લાખ ની આવક ઉપર................ | ૧૦% ટેક્ષ |
| ૬) | ૫ લાખથી ૧૦ લાખ ની આવક ઉપર.............. | ૨૦% ટેક્ષ |
| ૭) | ૧૦ લાખ ઉપરની આવક ઉપર..................... | ૩૦% ટેક્ષ |

अन्तर्देशीय पत्र कार्ड
INLAND LETTER CARD

इस पत्र के अन्दर कुछ न रखें NO ENCLOSURES ALLOWED
पते में पिन कोड लिखें WRITE PIN CODE IN ADDRESS
प्रेषक का नाम और पता :— SENDER'S NAME AND ADDRESS :—

ડી. પી. ઠક્કર એન્ડ કું.
'શ્રી કુંજ', સ્ટેશન રોડ, પાટણ. (ઉ.ગુ.)

पिन PIN ૩૮૪૨૬૫




(૭) એટલે દરેક વેપારીએ પોતાની પેઢી-ભાગીદારો તથા અંગત / H.U.F ની ચાલુ વર્ષની અંદાજીત આવકની વિગત, મજરે લેવાની T.D.S ની રકમ, ભરેલ કે ભરવાના હોય તે LIC, PPF, NSC વિગેરેની વિગત સાથે તા. ૭/૯/૨૦૧૩ સુધીમાં અમને રૂબરૂ મળવું જેથી એડવાન્સ ટેક્ષનાં ચલણ આપી શકાય.

(૮) સને ૨૦૧૨-૧૩ ના વર્ષનાં ઇન્કમટેક્ષ રીટર્ન ભરવાનું કામ ચાલુ છે. જેમણે હજુ સુધી અમને ઉતારા-ઓડીટ રીપોર્ટ આપેલ ના હોય તેમણે તુરંત મોકલી આપવા. ઓડીટ વાળું રીટર્ન ૩૦/૯/૨૦૧૩ પછી ભરનારને રૂા. ૧ લાખ ની પેનલ્ટી થાય છે.

(૯) ઓડીટ વાળા કેસોમાં રીટર્ન ભરવા માટે ભાગીદાર / માલીકની ડીજીટલ સીગ્નેચર જો હજુ લીધી ના હોય તો તુરંત અમારો સંપર્ક કરો.

કુશળ હશો.

લી.
ધીરૂભાઇ - કનુભાઇ
પિયુષભાઇ નીખીલભાઇ